**Name of Work:-** Providing AMC to HT Sub Station at Samras Boys Hostel at Vadodara.

## :: વાયરમેન માટે કરારની વિશિષ્ટ શરતો ::

(૧) ઠેકેદારે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતો વખત નકકી કરેલા નિયમોને આધીન રહીને પોતાના માણસોની સંપૂર્ણ જવાબદારી લેવાની રહેશે.

(૨) ઠેકેદાર પાસે લેબર કમિશ્નરશ્રીનું લાયસન્સ હોવું જરૂરી છે. તેમજ કામનો કરાર થાય તે કામનું લાયસન્સ લેવું જરૂરી છે.

(૩) ઠેકેદાર પાસે પી.એફ. નો તેમજ ઇ.એસ.આઇ. નો પર્સનલ નંબર તેમજ સર્વીસ-ટેકસ નંબર હોવો જરૂરી છે.

(૪) ઠેકેદાર પાસે છેલ્લા ત્રણ વર્ષનું આવકવેરાનું રીટર્ન હોવું જરૂરી છે.

(૫) ઠેકેદારશ્રીએ પુરા પાડવામાં આવેલા કામદારોનો જુથ વીમો ઉતારવાનો રહેશે.

(૬) પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામા પ્રમાણે કામે રાખેલ વ્યક્તિઓના નામ, સરનામા તથા મોબાઇલ નંબર વગેરેની વિગતો કમિશ્નરશ્રીને તથા અત્રેની કચેરીએ આપવાની રહેશે.

(૭) ઠેકેદાર દ્વારા ભરવામાં આવેલ ભાવો તમામ પ્રકારના કરવેરા તથા સામેલ સુચનાઓ / શરતોમુજબ રહેશે અને જે અંગેના નિયમોનુસાર તમામ કરવેરા વગેરે સરકારમાં ભરપાઇ કરવાની જવાબદારી ઠેકેદારશ્રીની રહેશે. સબંધિત ખાતા દ્વારા જણાવવામાં આવશે અથવા યોગ્ય જણાયે આના કરવેરાની વસુલાત ચુકવવાપાત્ર રકમ માંથી પણ કરવામાં આવશે.

(૮) ઠેકેદારે બાનાની રકમ નર્મદા શ્રીનિધી બોન્ડ અથવા રાષ્ટ્રીયકૃત બેન્ક / શિડયુઅલ બેન્કની / એફ.ડી.આર. કે ક્રોસ ડી.ડી. સ્વરૂપે જ સ્વીકારવામાં આવશે.

(૯) ઠેકેદારને કરારનામામાં ભરેલ ભાવ સિવાય કોઇપણ વધારાનો ચાર્જ આપવામાં આવશે નહિ. તેમજ સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતો વખત એટલે કે વર્ષ દરમ્યાન જે મોંધવારી વધારો થાય, તે જે તારીખથી અમલમાં આવતો હોય તે તારીખથી મળવાપાત્ર થશે અને તે વધારો કામ ઉપર રાખેલી વ્યક્તિઓને ઠેકેદારશ્રીઓએ ચુકવવાનું રહેશે. જેના માટે સરકારશ્રી દ્વારા ટેન્ડર ભાવ સિવાય વધારાનું કાંઇ ચુકવણું કરવામાં આવશે નહિ.

(૧૦) ભાવો વાર્ષિક ધોરણે આપવાના રહેશે. સૌથી નીચા ભાવ ભરનાર ઠેકેદારને પ્રથમ ૩ માસનો ઓર્ડર આપવામાં આવશે, અને જો કામગીરી સંતોષકારક જણાશે તો જ ત્યારબાદનો કુલ એક વર્ષ સુધીનો કરાર કરવામાં આવશે. જો કામગીરી સંતોષકારક નહિ હોય તો ત્રણ માસ પછી ઓર્ડર આપવામાંઆવશે નહિ અને આ બાબતે કોઇ દાવો કે તકરાર ચાલશે નહિ.

(૧૧) ઠેકેદારે તેમના દ્વારા રાખવામાં આવેલ વ્યકિત કોઇપણ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિ કે કોઇપણ રાજકીય પ્રકારના સભ્ય નથી તેવી બાંહેધરી લેખિતમાં કચેરીને આપવાની રહેશે તેમજ કામે રાખવામાં આવેલ દરેક વ્યક્તિ પાસેથી લેખિતમાં બાંહેધરી લેવાની રહેશે.

(૧૨) ૧૮ વર્ષથી નીચેની વ્યક્તિને કામે રાખી શકાશે નહિ.

(૧૩) સેવા કરાર ખત માટે સર્વીસ ચાર્જ ઠેકેદારશ્રીએ ભરવાનો રહેશે તે અંગેના અલગ નાણાંકીય હકક, દાવા અંગે વિભાગ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહિ.

(૧૪) ઠેકેદારે તેમના દ્વારા કામે રાખનાર દરેક વ્યક્તિને ઓળખપત્ર આપવાનું રહેશે અને કામ ઉપર રાખવામાં આવેલ પ્રત્યેક વ્યક્તિએ ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે.

(૧૫) ઠેકેદારશ્રીએ તેના દરેક વાયરમેન માટે, તેઓના વિસ્તારમાં કાયમી વસવાટ કરતા હોય તે વિસ્તારમાં પોલીસ સ્ટેશનમાં તેમના વિરૂધ્ધ કોઇ ગુના સંબંધ પોલીસ કેસ થયેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર ઉપલબ્ધ કરી યોગ્ય સક્ષમ સત્તા (કાર્યપાલક ઇજનેરશ્રી, વડોદરા વિદ્યુત વિભાગ, મા. અને મ. વિભાગ, વડોદરા) સમક્ષ રજૂ કરવાનું રહેશે.

(૧૬) પેટા વિભાગની કચેરીના જરૂરીયાત મુજબ ઉપસ્થિત થયેલ કામદાર / મજૂરને કામગીરી / (ફરજ) દરમ્યાન કોઇપણ અકસ્માતને પરિણામે કોઇ કામદારને ઇજા થાય અથવા જીવલેણ અકસ્માત નિવડે તો તેને મજૂર કાયદા મુજબ તબીબી અથવા અન્ય સહાય, સગવડ, વળતર પુરૂ પાડવાની જવાબદારી જે તે ઠેકેદારશ્રીને બંધનકર્તા રહેશે અને તે અંગેનો સઘળો ખર્ચ ઠેકેદારશ્રીએ કરવાનો રહેશે અને આવું ખર્ચ કાયદાકીય જોગવાઇઓ હેઠળ અત્રેથી કરવામાં આવેલ હશે. તો ઠેકેદારશ્રી પાસેથી તરતજ વસૂલ કરવામાં આવશે અને સરકારના બીજા કોઇ પગલાને બાધ નઆવે તે રીતે ઠેકેદારશ્રીની લેણી અથવા હવે પછી લેણી થનાર રકમમાંથી કપાત કરવામાં આવશે. જો વસુલાતમાં મુશ્કેલી જણાય તેવા સંજોગોમાં રેવન્યુ રાહે વસુલાત કરવામાં આવશે જે ઠેકેદારશ્રીને બંધનકર્તા રહેશે. ઠેકેદારશ્રીએ મજૂરોને થયેલ નુકશાન ભરી આપવા અંગેના કરાર (એનેક્ષર-૧) સામેલ નિયત પરફોર્મામાં કરવાનો રહેશે.

(૧૭) મજુર કાયદા હેઠળ વ્યાજબી વેતન વખતો વખત અસલમાં હોય તે મુજબ ૧૯૪૮ ના લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળ સરકારે નિયત કરેલા લઘુત્તમ વેતન કામદારોને વિભાગ દ્વારા બીલના નાંણા એજન્સીને ચૂકવ્યા તારીખથી સાત દિવસમાં એજન્સી ન ચૂકવે તો હવાલાના ઇજનેરશ્રી કામદારને ચૂકવવાપાત્ર રકમ એજન્સીના બીલ અથવા ચૂકવવા પાત્ર અનામતની રકમમાંથી કાંપી લેવામાં આવશે. જે ઠેકેદારને બંધનકર્તા રહેશે. કામે રાખેલ વ્યક્તિઓને ચુકવેલ પગારના પત્રકોની નકલ બીલ સાથે રજુ કરવાની રહેશે.

(૧૮) સરકારશ્રી / મજુર કમિશ્નરશ્રીની કચેરી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવતાં લઘુત્તમ વેતન દર મુજબ ઠેકેદારશ્રીએ ચુકવણું કરવાનું રહેશે અને આ બાબતે સરકારશ્રીના જે તે અધિકારીશ્રી, જે તે સમયે જે દસ્તાવેજ (રેકર્ડ) માંગે તે રજુ કરવાના રહેશે. જયારે મજુર કમિશ્નરશ્રી દ્વારા દરોમાં વધારો થાય ત્યારે મજુરોને વધેલ ભાવો

મુજબ ચુકવણું કરવાનું રહેશે. તથા અમલ તારીખથી તફાવત ચુકવવાની જવાબદારી જે તે ઠેકેદારશ્રીની રહેશે અને તે મુજબ ટેન્ડર ભાવ સિવાય વધારાના ચુકવણા ઠેકેદારે કરવાના રહેશે. જેના માટે ટેન્ડર ભાવ સિવાય અલગથી ચુકવણું કરવામાં આવશે નહિ. જે ઠેકેદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૧૯) જે તે કરારની સમય-મર્યાદા પુરી થયા બાદ પરસ્પર સમજુતીથી નિયમ મુજબ લંબાવી શકાશે. આ બાબતે જે તે સમયના હવાલાના કાર્યપાલક ઇજનેરશ્રીનો નિર્ણય આખરી ગણાશે. જે ઠેકેદારને બંધનકર્તા રહેશે.

(૨૦) જરૂરીયાત મુજબ કામના સ્થળે હવાલાના અધિકારી દ્વારા આપવામાં આવતી સુચનાઓનો ચુસ્ત અમલ કરાવવાની જવાબદારી ઠેકેદારની રહેશે તથા વખતો વખત સરકારશ્રીના નિયમો ઠેકેદારને બંધનકર્તા રહેશે.

(૨૧) વર્કમેન કોમ્પનસેશનનો વીમો ઠેકેદારે લઇને તેની નકલ અત્રેની કચેરીમાં આપવાની રહેશે.

(૨૨) એજન્સી મુકરર કરેલ વ્યક્તિ કોઇપણ સંજોગોમાં સરકારશ્રીમાં કાયમી નોકરી માટે હક્ક દાવો કરી શકાશે નહી અને આ સરકારી નોકરી નથી. જે બાબતથી તેઓ વાકેફ છે. આ મુજબની બાંહેધરી એજન્સીએ દરેક વ્યક્તિ પાસેથી લઇને આપવાની રહેશે.

(૨૩) બીલ ત્રીમાસીક દરથી ગ્રાન્ટની ઉપલબ્ધી અનુસાર ચૂકવવામાં આવશે.

(૨૪) દર મહિને કોન્ટ્રાકટ પર આવેલ વ્યક્તિઓનું હાજરીપત્રક તૈયાર કરીને રજુ કરવાનું રહેશે, તથા પગાર સંબધિત વિદ્યુત પેટા-વિભાગીય કચેરીના અધિકારી/કર્મચારીની હાજરીમાં આપવાનો રહેશે અને પગાર મળ્યાની પહોંચ જમા કરાવ્યા બાદ જ બીલનું ચુકવણું કરવામાં આવશે.

(૨૫) ઠેકેદાર સાઇટ ઉપર મરામત અને જાળવણી માટેની જરૂરી સામગ્રી જેવાં કે પક્કડ, ટેસ્ટર, ઇન્સ્યુલેશન ટેપ, જરૂરી સ્પેનર રાખવાનો રહેશે.

(૨૬) વીજળીકરણ તેમજ સ્ટ્રીટ લાઇટની મરામત જાળવણી માટે જરૂર જણાય તો વાયરમેનને મદદમાં વધારાના કારીગર ઠેકેદારે મોકલવાના રહેશે. જે માટે કોઇ ચાર્જ આપવામાં આવશે નહીં.

(૨૭) રવિવાર અને જાહેર રજાઓના દિવસોએ પણ માણસો હાજર રાખવાના રહેશે. જે માટે કોઇ વધારાનો ચાર્જ આપવામાં આવશે નહીં.

(૨૮) સંબંધિત સાઇટ ઇજનેરશ્રી તથા અન્ય અધિકારીના ચેકીંગ દરમ્યાન જો વાયરમેન હાજર નહીં જણાય તો એક દિવસની હાજરીની રકમ બીલમાંથી કાપી લેવામાં આવશે.

(૨૯) સેવા શિસ્તવાળી, કાર્યક્ષમ તથા સંતોષકારક આપવાની રહેશે. જો તેમાં ખામી જણાશે તો અથવા સંચાલન અસંતોષકારક જણાશે તો કરાર રદ્ કરવામાં આવશે, આ અંગે કોઇ તકરાર ચાલશે નહીં.

(૩૦) વાયરમેનને સ્વચ્છ યુનિફોર્મ ઇજારદારે પુરો પાડવાનો રહેશે અને કલર સંબંધિત ઇજનેરશ્રી સાથે નકકી કરવાનો રહેશે.

(૩૧) બે જોડી ગણવેશ (ટેરીકોટન પેન્ટ-શર્ટ) અત્રેની કચેરીની મંજુરી પ્રમાણે વર્ક ઓર્ડર મળ્યાના અંદર એક મહિનામાં આપવાનાં રહેશે.

(૩૨) ઠેકેદારના માણસો દ્વારા વીજ ઉપકરણોને નુકશાન ન થાય તે ઠેકેદારે જોવાનું જરૂરી રહેશે, તે માટે તેઓ જવાબદાર રહેશે.

(૩૩) સંબંધિત ઇજનેરશ્રીની સુચના મુજબ જરૂરી જણાય તેને અન્ય સરકારી સાઇટ ઉપર વાયરમેનને વીજળીકામની મરામત માટે મોકલવાનો રહેશે.

(૩૪) વાયરમેન પાસે લાયસન્સીંગ બોર્ડ દ્વારા લેવામાં આવતી સેકન્ડ વાયરમેન પાસ કર્યાની પરમીટ ફરજીયાત છે. તેમજ તેની પ્રમાણિત નકલ ઇજનેરશ્રીને આપવાની રહેશે.

(૩૫) ઠેકેદારના વાયરમેને રોજ-બરોજ મરામત અને જાળવણીની ફરીયાદોનો નિકાલ કરવાનો રહેશે અને તેને લગતું રજીસ્ટ્રાર નીભાવવાનું રહેશે.

(૩૬) વાયરમેન ફરજ ઉપર હાજર ન થાય અથવા બરાબર કામગીરી ન કરે તો તાત્કાલિક બીજો વાયરમેન ઠેકેદારના ખર્ચે અને જોખમે રાખવામાં આવશે.

(૩૭) વાયરમેનની ઉંમર ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

(૩૮) વાયરમેનની ગેરહાજરીના કારણે જો કોઇ કામ થશે નહિં તો ઠેકેદારના બીલમાંથી એ કામનો ખર્ચ કાપી લેવામાં આવશે.

(૩૯) કામ ઉપર રાખવામાં આવેલ વાયરમેનોનું હાજરીપત્રક ઠેકેદારે નિભાવવાનું રહેશે અને માસ વાઇઝ પૂર્ણ થયેલ હાજરી પત્રકોની નકલ બીલ સાથે રજૂ કરવાની રહેશે.

(૪૦) પ્રવર્તમાન લેબર એકટ મુજબ ના મંજુર થયેલ ભાવો પ્રમાણે કર્મચારીઓને પગાર ચુંકવણું થાય તે મુજબ ટેન્ડરમાં ભાવો ભરવાના રહેશે. જેની ખાસ નોંધ લેવી.

એજન્સીની સહી : ....................................

**નાયબ કાર્યપાલક ઇજનેર**
વડોદરા વિદ્યુત (મા.મ) પેટા વિભાગ
વડોદરા.